Gujarat Samachar Pg 5, 19th Feb 2022

# બિટકોઈન ઘટી ૪૦ હજાર ડોલર નજીક : ઈન્ડેક્સ પણ તૂટયો

(વાણિજ્યપ્રતિનિધિ) મુંબઈ,તા.૧૮

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. રશિયા તથા યુક્રેનના બનાવો પર બજારની નજર હતી. બિટકોઈનના ભાવ આજે ઉંચામાં ૪૨૨૮૮ ડોલર તથા નીચામાં ૪૦૧૦૦ ડોલર થઈ ૪૦૩૭૧થી ૪૦૩૭૨ ડોલર રહ્યા હતા. મિડકેપ ઈથેરના ભાવ ઘટી ૨૯૦૦ની અંદર ઉતરી ૨૮૭૯થી ૨૮૮૦ ડોલર રહ્યા હતા. સ્મોલ કેપ ક્રિપ્ટોના ભાવ પણ વધઘટે નરમ રહ્યા હતા.

દરમિયાન, ક્રિપ્ટો વાયરનો ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી-૧૫ આજે ૩૨૫૫ પોઈન્ટ ઘટી ૫૯૫૮૮ રહ્યો હતો. નીચામાં આ ઈન્ડેક્સ ૫૮૫૪૮ રહ્યો હતો. રશિયા-યુક્રેન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે ત્યારે યુક્રેનની પાર્લામેન્ટે ક્રિપ્ટો કરન્સીને સત્તાવાર મંજૂરી આપ્યાના નિર્દેશો મળ્યા હતા.